જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૦/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૧૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૯ | ૪,૨૪,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ (૧)

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૫૯૭/૨૦૨૨ ધી ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન),૩૭૬(૩) તથા પોક્સો એક્ટ કલમ ૪,૬,૧૨,૧૮ મુજબનો શરીર સબંધેના ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃ PCB/DTN/PASA /૮૯૨/૨૦૨૨ તા.૦૮/૧૦/૨૦૨૨ ના હુકમ આધારે તા.૦૮/૧૦/૨૦૨૨ ના કલાકઃ૨૧/૦૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.ઇન્સ.શ્રી બી.એમ.પટેલ તથા પો.સ.ઇ. શ્રી એન.પી.ગરાસિયા** તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામભાઇ બ.નં.૯૦૩૦ અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩

### આરોપીનું નામ:-

મેહુલ ઉર્ફે મેલાડો સ/ઓ સુરેશભાઇ કાળુભાઇ જાતે સોલંકી (ઠાકોર) (રહે.મ.નં.૧૮, રબારીવાસ પરબતભાઇ રબારીના મકાનમાં કનૈયાલાલ હોલની પાછળ ઠક્કરબાપાનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ.સરાડીયા તા.વીરપુર જી.મહીસાગર)



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ (૨)

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૬૯૨/૨૦૨૨ ધી ઇપીકો કલમ ૩૫૪(ડી),૩૨૩,૨૯૪(ખ) તથા પોક્સો એક્ટ કલમ ૧૧(૪),૧૨ મુજબનો શરીર સબંધેના ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA /૮૯૩/૨૦૨૨ તા.૦૮/૧૦/૨૦૨૨ ના હુકમ આધારે તા.૦૮/૧૦/૨૦૨૨ ના કલાકઃ૧૯/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.ઇન્સ.શ્રી બી.એમ.પટેલ તથા પો.સ.ઇ. એન.પી.ગરાસિયા** તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામભાઇ બ.નં.૯૦૩૦ અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩

### આરોપીનું નામ :-

મયુરધ્વજસિંહ સ/ઓ રામદેવસિંહ વખતસિંહ જાતે ઝાલા રહે.મ.નં.૬૦/૧,ડાયમંડ પાર્ક સોસાયટી એંસી ફુટ રોડ નીકોલ ગામ રોડ ખોડીયારનગર નીકોલ અમદાવાદ શહેર



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૨૫ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૪/૨૦૨૨**

**કાગડાપીઠઃ** વિનીતકુમાર પવનકુમાર અગ્રવાલ (ઉ.વ.૪૨)(રહે.રાધેશ્યામ કુંજ, શંકરભુવનની સામે, કર્ણાવતી ક્લબની ગલીમાં મુમતપુરા) એ તા.૮/૧૦/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૨/૨૦૧૯ થી તા.૨૩/૫/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાનમાં સારંગપુર ન્યુ ક્લોથ માર્કેટ, દુકાન નં-૨૪૩ ખાતે આરોપી (૧) “જયહિન્દ ગાર્મેન્ટ” ના પ્રોપરાઇટર સતનામસીંગ (રહે.ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરીયા ફેસ-૧૧ ન્યુ દિલ્હી) અને (૨) “જય શિવ ઓમ ટ્રડીંગ એજન્સી” ના માલીક દલાલ- જગદિશભાઇ (રહે.પવન માર્કેટ સેકન્ડ ફલોર કટરાનીલ ગલી, તાલીયા ચાંદનીચોક દિલ્હી) એ ભેગામળી વિનીતકુમાર પાસેથી કુલ ૩૭ બીલો થી લેડીસ ડ્રેસ મટીરીયલ્સ કાપડનો માલ ખરીદ કરી, તે માલનુ પેમેન્ટ ૩૦ દિવસમાં ચુકવી દેવાની ખાતરી ભરોસો આપી બાકી રહેતા રૂપિયા ૩૭,૬૧,૪૮૧/- આજદીન સુધી નહી ચુકવી આપી વિનીતકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.આચાર્ય ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૫/૨૦૨૨**

**આનંદનગરઃ** તેજસભાઇ રાજેશકુમાર ત્રિવેદી (ઉ.વ.૩૭)(રહે.સ્નેહશીલ્પ એપાર્ટમેન્ટ, શ્રધ્ધા સ્કુલ ની પાછળ, જોધપુર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૩૦ થી તા.૦૮/૧૦/ ૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**ખોખરાઃ** તેજષભાઇ જગદિશભાઇ રાવલ (ઉ.વ.૪૭)(રહે.વૃંદાવન સોસાયટી ભાવસાર હોસ્ટેલની સામે નવા વાડજ) એ તા.૦૮/૧૦/૨૦૨૨ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૨ રાતના ૮/૪૫ થી તા.૦૬/૧૦/૨૦૨૨ ના કલાક ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન ખોખરા અનુપમ બ્રીજની પાસે આવેલ કટારીયા શો-રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કેશ ડીપાર્ટમેન્ટની ઓફીસમા લોકરમાંથી રોકડ રૂપિયા ૧,૬૯,૨૧૮/- ચોરી કરી લઇ નાસી ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી તેજપાલસિંહ પુરણસિંહ ચલાવે છે.

## <u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૧૬/૨૦૨૨</u>

**સાબરમતીઃ** હંસાબહેન વા/ઓ ચમનભાઇ દરજી (ઉ.વ.૩૫)(રહે.રૂદ્રમ સ્કાય અર્બન હેલ્થકેર ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૨ સવારના ૧૧/૧૦ વાગ્યાના સુમારે ન્યુ રાણિપ ગણેશકુંજ સોસાયટીના ગેટ પાસે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી હંસાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૧૭/૨૦૨૨</u>

**નરોડાઃ** સિમાબહેન વા/ઓ અખિલેશ પાઠક (ઉ.વ.૩૯)(રહે.એક્વાપોલારિસ એપાર્ટમેન્ટ કૈલાશ બંગ્લોઝ ની બાજુમાં નાના ચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લાવતા બપોરના ૨/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી